# ભારતીય વાયુ સેનાની પરીક્ષા એએફસીએટી (AFCAT)નું સફળતાપૂર્ણ આયોજન

ગાંધીનગર, તા. ૩

ભારતીય વાયુ સેનાની મુખ્ય પ્રવેશ પરીક્ષા એ.એફ.સી.એ.ટી.(AFCAT) નું ૩જી ઓક્ટોબર એ પહેલું પેપર સવારે ૯:૪૫ કલાકે યોજાયું હતું. આ પરીક્ષાની બીજી શિફ્ટ બપોરે ૨:૧૫ કલાકે યોજાઈ હતી. આના સિવાય જે વિદ્યાર્થીઓને ટેકનિકલ પોસ્ટ માટે પરીક્ષા આપવાની હતી, તેઓની પરીક્ષા સાંજે ૪:૩૦ યોજવામાં આવી હતી.

કોવિડ (કોરોના)ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ પરીક્ષા ખૂબ જ સાવધાની સાથે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું સંપૂર્ણ પણે પાલન કરીને કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના શરીરના તાપમાન પણ ચકાસવામાં આવ્યા હતા જેથી કરીને રોગચાળાનો કોઈ ભય પણ રહે નહીં. મહત્વની વાત એ હતી કે બધા જ વિદ્યાર્થીઓ પરીક્ષા સારી રીતે આપી શક્યા હતા.




ગુજરાતના મુખ્ય શહેરો, જેમકે અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત, વિગેરેમાં, આ પરીક્ષા લેવાઈ હતી.

આ પરીક્ષામાં મુખ્ય ચાર ભાગ હતા જેમાં કે જનરલ નોલેજ એટલે કે સામાન્ય જ્ઞાન, અંગ્રેજી, ગણિત અને જ્યારે રીઝનીંગ અને મિલિટરી એપ્ટિટ્યૂડ હતા. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર પેપરનું સ્તર સામાન્ય થી અઘરું જાણવામાં આવ્યું હતું. ગાંધીનગર અને અમદાવાદ સ્થિત ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાના ગાંધીનગર શાખાના વડા હિતેન્દ્રના જણાવ્યા પ્રમાણે જનરલ નોલેજ (સામાન્ય જ્ઞાન)માં ૧૭ થી ૧૯, અંગ્રેજીમાં ૧૬ થી ૧૮, ગણિતમાં ૮ થી ૧૦, અને રીઝનીંગમાં ૨૨ થી ૨૪ પ્રશ્નનો જવાબ કોઈ વિદ્યાર્થી આપ્યો હોય, તો એ સારું ગણાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પરીક્ષા ભારતીય વાયુસેના દ્વારા ખુદ લેવામાં આવે છે અને આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ વિદ્યાર્થી ભારતીય વાયુસેનામાં એક ઓફિસર તરીકે જોડાઈ શકે છે. ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાના મેન્ટર (ગાઈડ) રિટાયર્ડ સિનિયર કોમાંડંટ ભારદ્વાજ એ ઉમેર્યું હતું કે "ઓનલાઈન પરીક્ષામાં પાસ થવા પર વિદ્યાર્થીઓની પર્સનાલિટી ચકાસવા માટે એ.એફ.એસ.બી. (AFSB)નું આયોજન થાય છે. એ.એફ.એસ.બી. એક ખૂબ જ મહત્વનો ભાગ છે અને એના માટે વિદ્યાર્થીઓએ અત્યારથી જ તૈયારી ચાલુ કરી દેવી જોઈએ અને તેમની ફિટનેસ પર ખાસ ધ્યાન આપવું જોઈએ, ત્યારે જ તેમનું વાયુસેનામાં ઓફિસર તરીકે જોડાવાનું સપનું સાકાર થઈ શકે છે". આ પરીક્ષા ઓક્ટોબર ૪ અને ૫ એ પણ લેવામાં આવશે. પરીક્ષાનું પરિણામ લગભગ ઓક્ટોબરના ચોથા અઠવાડિયામાં આવશે.

# 'ઈમોશનલ ઈંટેલિજન્સ' વિષય પર બીબીએ કૉલેજ ખાતે ઓનલાઈન વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૩

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે દ્વિતીય વર્ષ ના ૧૫૦ વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવા માં આવ્યું હતું.

મુખ્ય વક્તા ડૉ. પી ડી મોઢ દ્વારા વિદ્યાર્થીઓને આદીમાનવ થી લઈ આજ સુધી મનુષ્ય ના મષ્ટિક્ત માં આવેલ ફેરફાર અને તેના આધારે આપનું વિકસિત મગજ તેમજ કોંશિયસ અને સબ્કોંશિયસ માઈન્ડ ની વચ્ચે રહેલી બાબતો પર વિસ્તૃત છણાવટ કરી હતી.સાથેસાથે હદય ના કાર્યો તેમજ તેની સાથે જોડાયેલ પ્રેમ-લાગણી,હુંફ,ગુસ્સો જેવા લક્ષણો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. વિદેશ ના વાઈગ્નનીકો ના રિસર્ચ ને સરળ ભાષા માં રજૂ કર્યું હતું. ડિપોથીન નામના તત્વ ની વધઘટ તેમજ વિવિધ થીયરી પર ચર્ચા કરી વિદ્યાર્થીઓ ને ગુસ્સા પર કઈરીતે કાબૂ રાખવો તે સમજાવ્યું હતું. વળી વ્યક્તિ ની વિવિધ લાગણીઓ આવેગો ને સમજવા કરવા માં આવેલા પ્રયોગો અને રિસર્ચ વિદ્યાર્થીઓએ સમક્ષ રજૂ




કર્યા હતા. આમ વિષય નું તલસ્પર્શી માર્ગદર્શન વિદ્યાર્થીઓ ને આપ્યું હતું.સાથેસાથે વ્યક્તિ નું વર્તન ક્યાં સમયે કેવું હોવું જોઈએ તે જુદા જુદા પ્રસંગો મુજબ નું વર્તન,બાકી ના વ્યક્તિત્વ ને સ્પર્શતા મુદાઓ પર વિશેષ ધ્યાન આપ્યું હતું.સફળ કારકિર્દી ના ઘડતર માટે વિદ્યાર્થીઓ ને ઈમોશનલ ઈંન્ટેલિજન્સસમજવા તેમજ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવ થી સરળ તેમજ સફળ કમ્યુનીકેશન માટેની ટીપ્સ આપી હતી.તેમજ વ્યક્તિ ના વર્તન પરથી તેનો પ્રભાવ અને અને તેની અસરો બાબતે વ્યક્તિગત ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું.

ઈમોશનલ ઈંટેલિજન્સના વિવિધ પ્રકાર અને તેમાં અસરકારકતાથી વ્યાવસાયિક જીવન માં આવતા હકારાત્મક પરીવર્તન બાબતે સમજાવ્યું હતું. તેમજ વ્યક્તિ દ્વારા થતી ભૂલો ના દુષ્પરિણામો વિષે પણ તેમણે વિદ્યાર્થીઓને સહજતાથી સમજાવ્યું હતું.

મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સફળ આંત્રપેન્યોર બની શકે તે માટે તેમનો અભ્યાસક્રમ પણ તેમને ઉપયોગી થાય છે. સાથે સાથે વિદ્યાર્થીઓ ને તેમના લક્ષ્ય નિર્ધારણ માટે માર્ગદશન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના,ડૉઆશિષ ભુવા,ધર્મેન્દ્ર રાઠોડ, ડો નિવેદિતા રાવલ પ્રો ગોપી પંડ્યા તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

# ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા 'કૃષિ અને ગાંધી વિચારો-સાંપ્રત સમયમાં પ્રસ્તુતતા' વિષય પર વેબિનાર યોજાયો


ગાંધીનગર,તા. ૩

જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી અને ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષ અંતર્ગત "કૃષિ અને ગાંધી વિચારો-સાંપ્રત સમયમાં પ્રસ્તુતતા" વિષય પર એક વેબીનારનું આયોજન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ ગૂજરાત વિદ્યાપીઠના માનદ વિસ્તરણ નિયામક ડો રાજેન્દ્ર ખીમાણી દ્વારા ગાંધીજીના કૃષિ સંબધિત કાર્યો અને વિચારોને રજૂ કરવામાં આવ્યા હતા. આ વેબીનારમાં મુખ્ય વક્તાશ્રી તરીકે નિવૃત બાગાયત નિયામક ડો આર.એ.શેરસીયાએ વિષયને અનુરૂપ શ્રોતાઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ વેબીનારમાં ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ શાખાના વિદ્યાર્થી ભાઈઓ બહેનો, સેવકગણ તેમજ કૃષિ અને સંલગ્ન વ્યવસાય સાથે સંકળાયેલ કૂલ ૧૫૦ જેટલા શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગાંધીજીના કૃષિ અને ખેડૂત સંબંધિત વિચારોને સમજવાનો પ્રયાસ કર્યો હતો.



ગાંધીજયંતી નિમિત્તે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા ઓનલાઈન ઉજવણી કરવામાં આવી




મહાત્મા ગાંધીની ૧૫૧ મી જન્મજયંતી પૂર્વે આઈઆઈટી, ગાંધીનગર અને ફ્લિન્ડર્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત વેબિનારમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ આદિવાસી સાથે ગાંધીવાદના જોડાણની ચર્ચા કરવામાં હતી. આ વેબિનારમાં આદિવાસી સમુદાયો, રાજકારણ અને ઓળખને સમજવા માટે ગાંધી અને ગાંધીવાદના વારસોને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આઝાદી પછીની ગાંધીવાદી ચળવળનો ઈતિહાસ, આદિવાસી હક માટેના સમકાલીન સંઘર્ષો, આદિવાસીઓના સંબંધમાં ગાંધીજીનો વારસો, અને તેમના વિચારોને હાલના આદિવાસી પર કેવી અસર પડી છે તેની ચર્ચા કરવા માટે ઘણા ગાંધીવાદી નિષ્ણાંતો, વિદ્વાનો અને આદિવાસી કાર્યકરોએ આ વેબિનારમાં ભાગ લીધો હતો.

## 'મારી ભાષા ગુજરાતી' ઓનલાઈન સભામંચ પર ગાંધીજીની બહુમુખી વ્યક્તિત્વ વિશે વેબીનાર યોજાશે

ગાંધીનગર, તા. ૩

'મારી ભાષા ગુજરાતી' વિષય પર વર્ચ્યુઅલ મંચ પર ગાંધીજીના બહુમુખી વ્યક્તિત્વ વિશે વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૪ ઓકટોબર, ૨૦૨૦ના રોજ બપોરે ૪ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધી ઝૂમ મિટિંગ્સ પર યોજાશે જેમાં. ઝૂમ મીટિંગ્સ પર આ કાર્યક્રમમાં મિટિંગ આઈડી ૯૯૧૨૪૪૧૮૬૭ અને પાસકૉડ @Gandhiji# અથવા લિંક bit.ly/36rDOJb દ્વારા રવિવારે સાંજે ૩.૫૦ વાગ્યાથી જોડાઈ શકાશે.

# ૧૫૧મી ગાંધીજયંતિ પ્રભાતફેરી - સમૂહ સફાઈ દ્વારા ઉજવાઈ

ચિલોડા, તા. ૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના બીએ, એમએ વિભાગ દ્વારા ૨જી ઓકટોબરે ૧૫૧મી મહાત્મા ગાંધીની જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. જેમાં સંકુલના મુખ્ય દરવાજાથી સેવક નિવાસ સુધી વહેલી સવારે રામધૂન, ગાંધી ધૂન, પ્રભાતિયાંનાં ગૂંજનાદ સાથે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી.




ઢોલક, મંજરી, મંજીરાના તાલ સાથે સંકુલના વાતાવરણને ગાંધીજીવન મય બનાવાયું હતું. આ પ્રભાતફેરી બાદ સમૂહ સફાઈ દ્વારા સંકુલને સ્વચ્છ કરવામાં આવ્યું હતું. પ્રભાત ફેરી અને સમૂહ સફાઈમાં સંકુલના સલામતી સેવકો, ગૃહપતિ - ગૃહમાતા, રાષ્ટ્રીય સેવા યોજનાના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુ જોડાયા હતા. સમગ્ર આયોજન સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર પાસે આવેલ સાદરા ગામમાં જક્ષણી માતાજી શ્રદ્ધાનું દેવસ્થાન છે. રવિવાર, પૂનમના દિવસોએ ભક્તોનું ઘોડાપૂર ઉમટે છે. આસો સુદ પૂનમના રોજ માને ખાસ શણગાર કરવામાં આવ્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે અલુવા ગામના રાઠોડ રાજપૂત પરિવારોના સંતાનોની ચૌલ સંસ્કાર વિધિ જક્ષણી માતાના મંદીર ખાતે કરવાની પરંપરા છે.

# ગાંધીનગર સાહિત્યસભા પ્રથમ દીપોત્સવી અંકની તૈયારી આખરી ચરણમાં પહોંચી..!

ગાંધીનગર,તા. ૩

ગાંધીનગર સાહિત્યસભા છેલ્લાં ૨૩ વર્ષથી ગુજરાતી સાહિત્ય માટે કાર્યરત છે. કોરોના વૈશ્વિક મહામારીના કારણે અચાનક મળેલા બોનસ સમયમાં ગાંધીનગર સાહિત્યસભાના ઘણા સભ્યોની સર્જન શક્તિ ખીલી ઊઠી હતી. એને પુસ્તકરૂપે સંપાદિત કરી અને દીવાળી સુધી દીપોત્સવી અંકના રૂપમાં સાકાર કરવાનો સંકલ્પ ગાંધીનગર સાહિત્યસભાએ કર્યો છે.

આ દીપોત્સવી અંકમાં માત્ર ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોની રચનાઓનો સમાવેશ કરવામાં આવશે. સભ્યો ગદ્ય અથવા પદ્ય કોઈપણ એક વિભાગમાં ફક્ત એક જ સ્વરચિત, મૌલિક અને અપ્રગટ કૃતિ મોકલી શકશે. પદ્યમાં ગીત, ગઝલ, હાઈકુ, સાઈજીકી, અછાંદસ વગેરે અને ગદ્યમાં નવલિકા, લઘુકથા, માઈક્રોફિક્શન, લેખ, નિબંધ, નાટક વગેરે ૬૦૦ શબ્દોની મર્યાદામાં મોકલી શકશે. કૃતિઓની પસંદગી ગુણવત્તાને આધારે થશે. એની સ્વીકૃતિનો




સંપૂર્ણ અધિકાર સંપાદક મંડળ પાસે રહેશે. સર્જકે એની કૃતિ યુનીકોડ કે શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને, જોડણી વ્યાકરણ પ્રૂફ કરીને તાજેતરના ફોટો સાથે સાહિત્યસભાના ઈમેલ આઈડી gsahityasabha@gmail.com ઉપર મોકલવાની રહેશે. રચના રૂબરૂ કે ટપાલ દ્વારા કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

ગાંધીનગર સાહિત્યસભાસભા એનો પ્રથમ દીપોત્સવી અંક લાભપાંચમના દિવસે વિમોચિત કરશે એમ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે જણાવ્યું છે. જે સર્જક પોતાની રચના મોકલવા માંગતા હોય અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય ન હોય તો તેઓ પ્રથમ સભ્યપદ મેળવીને પણ રચના આપી શકશે. સભ્ય પદ માટે પ્રચાર પ્રસાર પ્રતિનિધિ શ્રી અજય રાવલનો સંપર્ક મોબાઈલ નંબર ૯૭૨૩૧૩૨૮૯૨ કરવાનો રહેશે. તમારી રચના પાંચ ઓકટોબર સુધી મોકલી આપવાની રહેશે ત્યારબાદ આવેલી રચનાનો સમાવેશ શક્ય બનશે નહીં.

# રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક 'રાષ્ટ્રીય મહાત્મા ગાંધી એવોર્ડ ૨૦૨૦'થી સન્માનિત

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર ભારતમાંથી શિક્ષણ, સાહિત્ય, રમતગમત, સામાજિક કાર્ય, સ્વાસ્થ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરેલ વ્યક્તિઓને 'રાષ્ટ્રીય મહાત્મા ગાંધી એવોર્ડ - ૨૦૨૦' માટે પસંદગી કરવામાં આવી હતી. જે એવોર્ડ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશભાઈ ગજ્જરને પણ શિક્ષણ તથા સાહિત્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ આપવામાં આવેલ હતો. બીજી ઓકટોબર ગાંધી જયંતિના દિવસે 'રાષ્ટ્રીય મહાત્મા ગાંધી એવોર્ડ - ૨૦૨૦' ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલના હસ્તે યોજાયેલ ઓનલાઈન એવોર્ડ સમારોહમાં અર્પણ કરવામાં આવ્યો હતો.



ધર્મેશભાઈ ગજ્જરને આ એવોર્ડ મળતા પરિવારજનો અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# ગણપત યુનિવર્સિટી દ્વારા ઈન્ડિયન પ્લેનેટરી સિસ્ટેમ' અને 'આત્મનિર્ભર ભારતની સ્વદેશી 'નાવિક' ટેકનોલોજી' વિશે વેબીનારનું આયોજન

**પીઆરએલના વૈજ્ઞાનિક ડો. અનિલ ભારદ્વાજ અને ઈસરો - સેકના ડેપ્યુટી ડાયરેક્ટર નિલેશ દેસાઈએ નિષ્ણાંત તરીકે ખાસ ઉપસ્થિત રહી સ્પેસ ટેકનલોજીમાં વિગતવાર છણાવટ કરી હતી**

ગણપત વિદ્યાનગર, તા. ૩

વિશ્વવિખ્યાત ભારતીય સિવિલ એન્જિનિયર એન. વિશ્વસરૈયાના જન્મદિવસ નિમિત્તે યોજાતા 'એન્જિનિયરિંગ દિવસ'ની ઊજવણીના ભાગરુપે ગણપત યુનિ. દ્વારા પણ એક ઓનલાઈન વેબીનારનું આયોજન થયું હતું. બે સેશનમાં યોજાયેલાં આ વેબીનારનું પ્રથમ સેશન હતું 'ઈન્ડિયન પ્લેનેટરી મિશન' વિષે જેમાં અમદાવાદની જગતભરમાં જાણીતી સંસ્થા 'ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી - પીઆરએલ', અમદાવાદના ડાયરેકટર ડૉ. અનિલ ભારદ્વાજ વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તો બપોર પછીના બીજા સેશન - 'આત્મનિર્ભર ભારતની ઈન્ડિજિનિયસ 'નાવિક' ટેકનોલોજી અને તેનું




એપ્લિકેશન' ના વિશેષ મહેમાન તરીકે નિલેષ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. નિલેષ દેસાઈ હાલ અમદાવાદ ખાતેના ઈસરોના 'સ્પેસ એપ્લિકેશન સેન્ટર' ના એસોસિએટ ડાયરેકટર છે.

પ્રથમ સેશનના પ્રારંભે ગણપત યુનિ.ના પ્રેસિડેન્ટ અને દાતા અધિષ્ઠાતા પદ્મશ્રી ગણપતભાઈ પટેલે વિશેષ મહેમાન અનિલ ભારદ્વાજને આવકાર્યા બાદ અવસરની ભૂમિકામાં જણાવ્યું હતું કે ગણપત યુનિ.માં ભણીગણીને તૈયાર થયેલા ૨૦ હજાર જેટલાં એન્જિનિયર્સ આજે ભારત સહિત દુનિયાભરમાં પોતાના કૌશલ્ય થકી એન્જિનિયરિંગ ક્ષેત્રે સેવારત છે. એમને ગણપત યુનિ.ની પાવન ભૂમિનું ગૌરવ કરતા કહ્યું હતું કે અહીં જ્યારે કૉલેજ બાંધવાનું કામ શરૂ થયું ત્યારે લોકો કહેતા હતા કે અહીં ખેરવામાં તમે આટલું મોટું વિદ્યાધામ ઊભું કરી શકશો ? પરંતુ જુઓ આજે અમે અહીં છીએ. માત્ર એન્જિનિયરો જે આ કરી શકે અને અમે કરી બતાવ્યું છે!

# એસજીવીપી દ્વારા પુરાતત્ત્વવિદ પી પી પંડ્યાને મરણોત્તર 'પુરાતત્ત્વ મહારત્ન' એવોર્ડ જાહેર

ગાંધીનગર, તા. ૩

આધ્યાત્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં નોંધનીય અને આદરપાત્ર સ્થાન ધરાવનાર શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ (એસજીવીપી) - અમદાવાદ સંસ્થા દ્વારા રાજયના પનોતા પુત્ર એવા પુરાતત્ત્વવિદ, જેમણે વતન રાજયને રાષ્ટ્રના પુરાતત્વીય ઈતિહાસમાં મહત્વનું સ્થાન તેમના અમૂલ્ય સંશોધનોથી અપાવ્યું, તેવા મહાન સંશોધક પી પી પંડ્યાને તેમના પુરાતત્ત્વ ક્ષેત્રના ભગીરથ કાર્યો બદલ મરણોત્તર 'પુરાતત્ત્વ મહારત્ન' એવોર્ડ જાહેર કરવામાં આવ્યો છે.

પુરાતત્ત્વવિદ પી પી પંડ્યાએ પ્રાગૈતિહાસીક, આધ્યઐતિહાસિક અને ઐતિહાસિક સમયના ૨૦૦



ઉપરાંત સ્થળો શોધ્યા હતા. આજ સુધી ગુજરાતમાં પ્રાચીન સંસ્કૃતિના સૌથી વધુ સ્થળો શોધનાર પુરાતત્વવિદ સૌરાષ્ટ્ર રાજયના પુરાતત્વ વિભાગના વડા હતા. ત્યારબાદ મહાદ્વિભાષી મુંબઈ રાજયના સૌરાષ્ટ્ર - કચ્છ - ગુજરાત અને મુંબઈ શહેર વિસ્તારના વડા હતા. ગુજરાત રાજયની સ્થાપના થતા પુરાતત્વ વિભાગના સૌ પ્રથમ વડા તરીકે ચાર્જ સંભાળે તેના બે માસ પહેલા જ આ વિરલ પુરાતત્ત્વવિદનું ફક્ત ૩૯ વર્ષની નાની વયે અવસાન થયું હતું.

પુરાતત્ત્વવિદ પી પી પંડ્યા ઉપર બે પુસ્તકો પ્રકાશિત થયેલ છે એક 'મધ્યાહને સૂર્યાસ્ત - એક પુરાતત્ત્વવિદની જીવનયાત્રા' અને બીજું 'પુરાતત્ત્વમાં સૌરાષ્ટ્ર - પી પી પંડ્યાની સંશોધન યાત્રા' છે.

# જન્મદિને વધામણી



ડો. જૈવિક મહેશભાઈ બ્રહ્મભટ્ટ
મો. ૯૪૨૮૫ ૯૯૮૬૧



અંજનાબેન મહેશકુમાર રાવલ
મો. ૯૪૨૬૬ ૩૩૦૬૭



કાન્તિભાઈ એમ. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૨૮૦૦૬



દિલીપકુમાર જાની
મો. ૯૪૨૮૮૦૩૦૨૯



શુભમ શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



હર્ષિલ હરેશકુમાર જોષી
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯



શુભમ ચૌધરી



ઉમંગ પટેલ
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક